નમસ્કાર ગાંધીનગર

પમરાટ

મળવા તો એ આવ્યા પણ શરતોને આધીન
ઘેર સૌને બોલાવ્યા પણ શરતોને આધીન.
આ તો એવું થયું કે આખું આકાશ ગયું
પિંજરથી છોડાવ્યા,પણ શરતોને આધીન.

- દિનેશ કાનાણી

પાથેય

- રમેશ ઠક્કર

સુખચેનની શરત

આપણે કોઈ નિરંકુશ નથી.કોઈપણ હકની પાછળ શરત છુપાયેલી જ હોય છે.એટલે તો કહેવાય છે કે હક અને ફરજ એ એક જ સિક્કાની બે બાજુઓ છે.નિયંત્રણો માણસને બેકાબૂ થતો અટકાવે છે..કોઈપણ ચીજ,વસ્તુ,ઉપલબ્ધિ કે માનવસંબંધો પ્રાપ્તિ માટે મહેનત ઉપરાંત કેટલીક શરતો પણ હોય છે ! ઘણીવાર તો ભાગ્ય પણ શરતો મુજબ ચાલે છે..સુતેલાનું ભાગ્ય સુતું અને ચાલનારાનું ભાગ્ય ચાલતું રહે છે એવું એક સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે એની પાછળ કિસ્મતનો મહિમા તો છે જ,સાથે ચાલતા રહેવાની શરતનું ગૌરવગાન પણ થયેલું છે.

એ રીતે જોઈએ તો શરતને શિસ્ત સાથે સીધો સંબંધ હોય એવું સતત ભલે લાગે..એની પડખે અનુશાસનની આકરી માંગ હોય છે, શરતો ઘણીવાર મનગમતી પણ હોય છે.કેટલીક બાબતોના અમલ માટે સર્વમાન્ય કેટલીક શરતો નિયત થયેલી હોય છે..આપણે કોઈ કાર કે વાહન લઈએ છીએ ત્યારે એની એવરેજ માટેના દાવાઓ એની ઉત્પાદક કંપનીઓ કરતી હોય છે..એમાં એની નીચે ઝીણા અક્ષરોમાં એક શરત છુપાવીને મૂકી હોય છે..એવરેજ ખરી પણ શરતોને આધીન ! આમ આપણે માનીએ કે ના માનીએ શરતો આપણો પીછો છોડતી નથી !

ભૌતિક જગતની કોઈપણ ઉપલબ્ધિ માટે કેટલોક ભોગ આપવો પડે છે..લાગણીના કે આદર્શના વિશ્વમાં પણ લગભગ એવું જ હોય છે.કોઈ આપણને પ્રેમ આપે તો એના પડઘા સ્વરૂપે આપણે સામે સ્નેહ દર્શાવવો પડે છે.જો એવું ના થાય તો લાગણીનો છોડ ઉછરી શકતો નથી.વૃક્ષ આપણને એટલે ગમે છે કે એ છાંયડો આપે છે..ફળ આપે છે..લાકડું આપે છે..પુષ્પ જો સુગંધ આપે તો જ આકર્ષક લાગે છે..સોનું ચળકાટથી ભરપૂર છે પરંતુ એમાં આપણને સુગંધની તલાશ હોય છે..આમછતાં કંચનની જે કિંમત હોય છે એ એના આકર્ષણનું મહત્વનું કારણ બની જાય છે..સુખ એ લક્ષ્ય છે તો દુઃખ એ શરત હોય છે. જીવનની આ ફિલસુફી સમજવા જેવી છે.

માણસ સુખચેન શોધે છે..એને રાતોરાત બધું જ પ્રાપ્ત કરી લેવું છે.ઓછામાં ઓછી મહેનતથી જો બધું મળી જાય તો મજા આવે, એવું દરેકના મનમાં હોય છે..આ એક આદર્શ જેવું હોય છે.દુનિયામાં કોઈપણ ચીજ આસાનીથી મળતી નથી.એની પાછળ ઘણીબધી શરતો અનિવાર્ય હોય છે.ધીરજ એ સિધ્ધિ માટેની પ્રાથમિક શરત છે..આપણે સફળ માણસોના સમારંભો જ જોઈએ છીએ..પરંતુ ત્યાં સુધી પહોંચવામાં એમણે જે ધૈર્ય દાખવ્યું હોય છે એ આપણી નજરે ચડતું નથી. ઈનસ્ટન્ટ રેસીપી હોઈ શકે.જીવનનો કોઈ મુકામ ત્વરિત ના હોઈ શકે. અનુભવ કરવા માટે ઉંમરલાયક થવું જ પડે..!કોઈપણ ડીગ્રી કે પદ પામવા માટેનો નિયત સમય અને સિલેબસ નિભાવવો જ પડે..ઠૂંઠા ઉપર કણસલાં એમને એમ બેસતાં નથી એ માટે તાપ ઠંડી પવનની થપાટો સંઘર્ષ એમ અનેકવિધ તબક્કાઓમાંથી પસાર થવું પડે છે..

આવી સીધીસાદી બાબતે માણસ જયારે ચતુરાઈ કરે છે ત્યારે ઘણીવાર આપણી શ્રધ્ધા ડગમગી જાય છે..જગતમાં ફક્ત બધું જ શરતી છે એમ માનવું બરાબર નથી. અહીં ઘણીબતી બાબતો બિનશરતી પણ મળી જાય છે..માણસને ગળથૂથીમાં મળતો માતાનો પ્રેમ એનું ઉત્તમ ઉદાહરણ છે..કેટલાય માનવસંબંધો જેમકે,મિત્રતા કયારેય કોઈ શરતોની મોહતાજ હોતી નથી..આપણે પણ ધારીએ તો આ રીતે ઘણા લોકોને આવો અનુભવ કરાવી શકીએ..પરંતુ વાસ્તવિક જગતમાં આવું જૂજ બને છે..લોકો આપણને ખુલ્લા આકાશમાં ઉડવાનું શીખવે છે પરંતુ પિંજરાની પરાધીનતા યાદ રખાવે છે..મળવા માટે તો સામેથી બોલાવે છે પણ એમની આગવી શરતો મુજબ.!માનવજીવનની આ જ તો મજા છે ! બિનશરતી સ્નેહ સહુની તલાશ છે...

બધો દોષ દૂતાવાસ કે ભારત સરકાર પર ઢોળવો યોગ્ય નથી : યુદ્ધ ચાલે છે!

તંત્રીસ્થાનેથી...

કોરોનાએ થોડી રાહત આપી કે તરત બધું ભૂલી જઈ લોકો સુપર એક્ટિવ મોડમાં આવી ગયા છે. યુરોપમાં કોરોનાની બુમરાણનું સ્થાન રશિયાના યુક્રેન સામેના બોમ્બમારાએ લીધું છે. યુક્રેનના રાષ્ટ્રપ્રમુખની બધી જ ભાવુક અપીલો બહેરા કાને અથડાઈ છે. કોઈ યુરોપીય રાષ્ટ્રે નથી સેના મોકલી કે નથી યુક્રેનને નો ફેલાય ઝોન જાહેર કરવાની તસદી લીધી. આખરે યુક્રેનને એના કિસ્મત પર છોડી દેવાયું છે. પુતિન પરિણામલક્ષી નેતા છે. અગાઉ જાસૂસ તરીકે સેવાઓ આપી ચૂકેલ દૃઢ મનોબળ ધરાવતા નેતાએ અમેરિકા જેવી મહસત્તાની આબરૂ લઈ નાખી છે. બાઈડન હવામાં બાચકાં ભરતા રહ્યા અને દયાજનક હાલત ભારતની છે. સાપે છછુંદર ગળ્યા જેવી હાલતમાં મુકાઈ ગયેલ ભારત નથી યુક્રેન સામેના હુમલા માટે રશિયાનું મૈત્રીદાવે સમર્થન કરી શકતું કે નથી એના આક્રમણનો અને માનવ અધિકારોના હનનનો ખુલ્લો વિરોધ કરી શકતું. મોટા ઉપાડે એમ.બી.,બી.એસ.ની ડિગ્રી લેવા યુક્રેનની મેડિકલ કૉલેજોમાં ઘેટાં બકરાંની જેમ ઠલવાતા ભારતીય વિદ્યાર્થીઓની દુર્દશાની દયા પણ ખાઈ શકાતી થી. શું કામ આવું જોખમ વહોરવું પડે બાપ ! દેશમાં મોદીએ જિલ્લે જિલ્લે - વતનના ગામ વડનગર સુધ્ધામાં સરકારી મેડિકલ કૉલેજ ખોલી દીધી છે અને હજી નવા બજેટમાં વધુ ખૂલવાની છે. ચાલો, માની લઈએ કે યુક્રેનનું મેડિકલ એજ્યુકેશન સસ્તું પડતું હોય હશે એટલે એનું આકર્ષણ રહેતું હશે. પણ એ દેશ પર રશિયા હુમલો કરે એમાં તો બાપડા નરેન્દ્ર મોદી શી રીતે આડો હાથ દઈ શકે ? હવે કેટલાક સુમીમાં ફસાયેલા વિદ્યાર્થીઓ ભારત સરકાર અને એના દૂતાવાસ પર બળાપો ઠાલવી રહ્યા છે. સલામત રીતે બધાને સ્વદેશ લઈ આવવા માટે સરકારે બનતા બધા જ પ્રયત્નો કર્યા છે. યુક્રેનની એરસ્પેસ બંધ થતાં પાડોશી દેશોનાં સરહદી એરપોર્ટો પર ભારતીય વિમાનો પહોંચાડાયાં છે. ઘણી ખેપો સફળતાપૂર્વક ભારત પહોંચી છે. બાકીની હવે પહોંચશે. ચાર સરહદી રાષ્ટ્રોમાં ચાર ચુનંદા કેબિનેટના સાથીઓને મોકલીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફસાયેલા નાગરિકો, વિદ્યાર્થીઓ ઉપરાંત પાડોશી પાકિસ્તાનન જેવા દેશના નાગરિકોને પણ રાહત પહોંચાડી છે. તિરંગાની ઢાલ હેઠળ ઘણા બધા નાગરિકો અને વિદ્યાર્થીઓ બોર્ડર સુધી પહોંચવામાં સફળ થયા છે. રશિયાએ બે શહેરો પૂરતો આંશિક યુદ્ધવિરામ જાહેર કર્યો છે ત્યારે જાત પર જોખમ વહોરીને બોર્ડર તરફ કૂચ કરી રહેલા વિદ્યાર્થીઓ ફસાય કે રશિયન સૈનિકોની ગોળીએ વીંધાય અથવા બોમ્બમારાથી ઘાયલ થાય તો એમાં ભારત સરકાર કે ભારતીય દૂતાવાસનો વાંક કાઢવો વાજબી નથી. તમે પારકી ધરકી પર પોતાના સ્વાર્થ માટે ગયા છો અને પોતાના જોખમે દૂતાવાસની મંજૂરી વગર બોર્ડર પર પોતાની રીતે નીકળી પડ્યા છો. ત્યાં પછી ખાવાનું ખૂટી પડે કે વીજળી ગૂલ થતાં બરફ ઓગાળીને પાણી પીવું પડે તો એમાં ભારત સરકાર થોડી મદદે આવશે ? પ્રજા વિશે કહેવાયું છે કે એ તો રામ જેવા રામને પણ વગોડવવાનું ચૂકી નહોતી. પ્રજાને બધું, વળી બધે જ ભારત સરકાર પાસેથી મળી રહે એવી અપેક્ષા તો વધુ પડતી જ લેખાશે. દૂતાવાસની પણ મર્યાદા હોય.એણે યુદ્ધગ્રસ્ત દેશમાં કામ કરવાનું છે. એ તો વળી કહો કે આક્રમણ મહાસત્તા સાથે થોડા મધુર સંબંધો છે એટલે બોર્ડરનાં રાષ્ટ્રોએ એમનાં એરપોર્ટ ભારતીય મુસાપરો માટે ખુલ્લાં રાખ્યાં છે, બલકે ખુદ રશિયા વિદ્યાર્થીઓને બોર્ડર સુધી પહોંચાડવા બસોની વ્યવસ્થા કરી રહ્યું છે!

"સાસરી પક્ષનાં સહિયારા મકાનમાં પુત્રવધૂને રહેવા હક્ક નથી મળતો" - દિલ્લી હાઈકોર્ટ

ઘરેલૂ હિંસા ધારા અન્વયે સહિયારા મકાનમાં રહેવા માટે પુત્રવધૂને રદ ન કરી શકાય, તેવા હક્ક મળતા નથી અને શાંતિ પૂર્વક જીવનનો હક્ક ધરાવતા ઉંમર લાયક સાસરી પક્ષનાં લોકો વતી પૂત્રવધૂને ઘરની બહાર કાઢી શકાય છે.

દિલ્લી હાઈકોર્ટે એક શકવર્તી ચુકાદો આપતા જણાવ્યું છે કે, "પુત્રવધૂને ઘર બહાર કાઢવાનો દાવો કરવા પર મકાન માલિક પર કોઈ જ પ્રતિબંધ નથી અને પુત્રવધૂનું લગ્નજીવન ચાલુ છે. ત્યાં સુધી વૈકલ્પિક રહેણાંક વ્યવસ્થા પુત્ર દ્વારા પુરી પાડવામાં આવે તે યોગ્ય છે. સાસરી પક્ષનાં સંયૂક્ત મકાનમાં પુત્રવધૂ રહેવાનો આગ્રહ કરી શકે નહિ કે અધિકાર માંગી શકે નહિ. સાસરીયા પક્ષનાં લોકો સિનિયર સિટિઝન છે. તેમને શાંતિપૂર્વક જીવન જીવવાનો હક્ક અધિકાર છે. તેમનાં પુત્ર અને પુત્રવધૂનાં ગૃહ કંકાસથી માતા-પિતાન પરેશાન કરવા યોગ્ય નથી. તેથી માતા-પિતાનાં અંતિમ જીવનનાં પડાવ સમયે અરજદારનું સાથે રહેવું સલાહભર્યુ નથી."

પક્ષકારો વચ્ચેનાં સંબંધો સાહેદપૂર્ણ ના હોય તેવા સંજોગોમાં સાથે રહેવાથી રોજ ઝઘડા-કંકાસ થાય તેમ હોય તેની સીધી અસર સિનિયર સિટિઝન માતા-પિતાનાં હેલ્થ ઉપર શારિરીક-માનસિક રીતે પડી શકે છે. આવા સંજોગોમાં પુત્રવધૂને ભાડાનાં ઘરમાં જ રાખવી યોગ્ય છે. તેમના પુત્રે પોતાના માતા-પિતાના સંયૂક્ત ઘરમાં કોઈ જ હક્ક માંગેલ ના હોય તેવા સંજોગોમાં પુત્રવધૂને સંયુક્ત મિલકતમાં કોઈ હક્ક મળી શકે નહિ.

નામ. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટનાં હુકમ સામે અરજદાર પુત્રવધૂએ કરેલ અરજી ફગાવતા હુકમ કરેલ અને સસરા પાસેથી બાંહેધરી લીધેલ કે, જ્યાં સુધી લગ્ન જીવન ચાલુ છે ત્યાં સુધી પુત્રવધૂને વૈકલ્પિક રહેવાની અન્ય જગ્યાએ વ્યવસ્થા કરી આપશે. સસરાએ દાવો કરેલ કે પોતે મકાનનાં માલિક છે અને ઘરમાં કોને રાખવા અને કોને ના રાખવા જોઈએ તેનો નિર્ણય લેવા સ્વતંત્ર છે. પુત્ર અન્ય જગ્યાએ શિફ્ટ થયો હોય પુત્રવધૂને પોતાની સાથે મકાનમાં રહેવા કોઈ જ હક્ક અધિકાર નથી. પુત્ર જ્યાં રહેતો હોય ત્યાં જ પુત્રવધૂએ રહેવું જોઈએ. હાઈકોર્ટે સસરાની આ દલીલો ગ્રાહ્ય રાખી પુત્રવધૂને અન્યત્ર મકાન માટેની વ્યવસ્થા કરવા સસરાને જણાવેલ. જો કે પુત્રવધૂએ દલીલો કરી હતી કે, આ મકાન સંયૂક્ત કુંટુંબનાં પૈસાથી ખરીદવામાં આવ્યું હોય તેથી તેને રહેવા માટે હક્ક છે, પરંતુ નામ. હાઈકોર્ટે પુત્રવધૂની આ દલીલ ફગાવી દીધી હતી. ઘરેલું હિંસાનાં કેસમાં પુત્રવધૂ પોતાના પતિ સાથે મકાનની માંગણી કરી અન્યત્ર અલગ રહેવાની વ્યવસ્થા ડોમેસ્ટિક એન્ડ વાયોલન્સ એક્ટ મુજબ કરી શકે છે. તે તેનો સ્વતંત્ર અધિકાર છે, પરંતુ શાંતિપૂર્ણ જીવનનો હક્ક ધરાવતા ઉંમર લાયક સાસુ-સસરાને આ માટે હેરાન કરી તેમની પાછલી ઉંમરમાં શારિરીક-માનસિક ત્રાસ ના આપી શકાય. તેથી પુત્રવધૂને સહિયારા મકાનમાં રહેવાનો અબાધિત હક્ક મળતો નથી.

ડોમેસ્ટિક વાયોલન્સ એકટ, ૨૦૦૫ અન્વયે સ્ત્રીઓને ઘરેલુ હિંસાના કાયદાની ખાસ રક્ષણ આપવાના આશયથી રક્ષિત કરવામાં આવેલ છે અને ઘરેલું હિંસાના કાયદાની કલમ-૧૯ થી સ્ત્રી અલગ રહી પોતાના પતિ પાસેથી અલગ ઘરની માંગણી કરી શકે છે અને કલમ-૧૯ મુજબ રહેણાંકનાં હુકમો કરવામાં આવે છે. તેમજ કલમ-૨૨ મુજબ સામાવાળાને અરજદારને વળતર ચૂકવવાનો આદેશ કરવામાં આવે છે. જે કેસનાં ગુણદોષ ઉપર નિર્ણય પાત્ર છે. કલમ-૧૮ મુજબ સ્ત્રીનું રક્ષણ કરવાનો પણ હુકમ કરી શકે છે. કલમ-૨૦ મુજબ સામાવાળાને નાણાકીય રાહત મંજુર કરવા આદેશ આપવામાં આવે છે અને પુરૂષ જે રીતે લક્ઝરી જીવન જીવતો હોય તે પ્રમાણેની વ્યવસ્થા સ્ત્રીને કરી આપવાનો નામ. કોર્ટે હુકમ કરી શકે છે. તેના કપડા, લત્તા, દવા-દારૂં, તથા મકાનની વ્યવસ્થા ભરણ-પોષણની જવાબદારી પતિની ઠરાવવામાં આવે છે. કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમની કલમ-૧૨ મુજબ આવી અરજી સ્ત્રી મેજીસ્ટ્રેટને કરી રાહત મેળવી શકે છે અને નામ. કોર્ટે કલમ-૧૮ થી ૨૨ મુજબનાં હુકમો પતિ સામે કરી શકે છે તથા કલમ-૨૧ મુજબ કબજા બાબતની પણ રાહત આપી શકે છે. સ્ત્રી જે મકાનમાં રહેતી હોય તેને સાસરી પક્ષવાળાઓ ખાલી ના કરાવે તે પ્રકારની દાદ પણ નામ. કોર્ટ દ્વારા મંજુર કરી શકાય છે અને સ્ત્રીને રહેણાંકનો અધિકાર આપી શકે છે પરંતુ ઘરેલું હિંસામાં નામ. દિલ્લી હાઈકોર્ટના સદરહું ચૂકાદાથી એક જ ઘરમાં રહી સાસુ-સસરાને શારિરીક-માનસિક ત્રાસ આપી ખોટી રીતે હેરાન-પરેશાન કરતી સ્ત્રીઓ સામે સિનિયર સિટિઝનોને રાહત આપતો ચૂકાદો આપેલ હોય સાસુ-સસરાને આ ચુકાદાથી રાહત મળશે તથા પુત્રવધૂના કંકાસનો સામનો હવેથી સાસુ-સસરાએ કરવો પડશે નહિ. પુત્રની જવાબદારી છે કે તે પુત્રવધૂને પોતે રહેતો હોય તે રીતે અન્યત્ર સારી રીતે રહેણાંકની વ્યવસ્થા કરી આપે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

દિન મહિમા

- **ભારતીય નેતા ગોવિંદ વલ્લભ પંત ની પુણ્યતિથિઃ પંત ભારતના મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓમાંના એક હતા અને સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સૌથી અગ્રણી નેતાઓમાંના એક હતા.**

આજનું ઔષધ

- **નાળીયેરના પાણીમાં લીંબુનો રસ મેળવી રોજ સવારે પીવાથી પથરી મટી જાય છે.**

ખડખડાટ

- **છેલ્લા બે વર્ષથી રેમિડેસિવર, ઓમાયક્રોન, ડેલ્ટાક્રોન, એઝિથ્રોમાયસીન જેવા શબ્દો સમજાતાં સમજાતાં હાલત ખરાબ થઈ ગઈ હતી... ત્યાં હવે વ્લાદિમીર પુતિન, વોલેદિમિર ઝેલેન્સકી, મિખાઈલ પોડોલ્યાક જેવા શબ્દો બોલતાં બોલતાં હવે તો જીભના લોચા વળી જાય છે.**

આજનો વોટ્સએપ

- **સારો હોય કે ખરાબ પણ દરેક અનુભવ કંઇક શીખવી જાય છે**

દુઃખમાં સહી લેવાની પણ મજા અનેરી હોય છે, હારેલી જિંદગી જીવવાની પણ મજા અનેરી હોય છે...

નહિંતર કોણ જાણતું હતું મુજ શરીફને,
હસ્તી થઈ ગયો પ્રેમમાં ફટકી ગયા પછી.

- ડો. હિતેશ પટેલ

ફેબ્રુઆરી મહિનો એટલે અંગ્રેજી ઢબે પ્રેમના એકરારનો મહિનો. જો કે આપણે હવે એંગ્લો ઈન્ડિયન બની ગયા છીએ એટલે અંગ્રેજોથી પ્રેમનો ઈઝહાર કરતા અને વેલેન્ટાઈન ડેની ઉજવણી કરતાં પણ સરસ રીતે શીખી ગયા છીએ. પણ આમ જોવા જઈએ તો ફાગણ આવે, હોળી આવે એટલે આ પ્રેમની ઋતુનો રંગ આપણા પર બરાબર ચઢે છે. માર્ચનું પહેલું સપ્તાહ ૮મી માર્ચે આવનારા Women's day ની ઉજવણી માટે સજ્જ થતું જણાય છે. આમ જોવા જઈએ તો હવે તો 'every day is a Women's day થઈ ગયો છે. પણ છતાં આજે પણ સ્ત્રીઓ પર થતા અત્યાચારના કિસ્સાઓ છાપામાં અને ન્યુઝમાં સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે. પ્રેમની વાત આવે ત્યારે સ્ત્રી થોડી વધુ સંવેદનશીલ છે તેમ માનવામાં આવે છે. જો કે, સમયાંતરે એમાં થોડા ફેરફાર ચોક્કસપણે આવ્યા છે. પ્રેમમાં પડ્યા પછી ભલભલા પુરુષની પરિસ્થિતિ તેના અંકુશમાં રહેતી નથી. જો કે આજે મારે વાત સ્ત્રીપુરુષના પ્રમની નહિ પણ બે સ્ત્રીઓ વચ્ચે પાંગરતા સંબધો અને તેમાંથી સર્જાતી સમસ્યાની કરવી છે. જેનો ભોગ આખરે એક પુરુષ જ બનતો હોય છે.

બે સ્ત્રીઓ વચ્ચે સાસુ-વહુ, નણંદ-ભાભી કે દેરાણી-જેઠાણીનો સંઘર્ષ સમય જતાં ઘટી રહ્યો છે. હવે તેઓ એકબીજાના સારા મિત્રો બનીને સુંદર રીતે સંબંધને જાળવવા શીખી ગયા છે. હવે નવી જાતનો એક સંઘર્ષ વધુ જોવા મળે છે અને એ છે "Extra marital" સંબંધને કારણે જયારે કોઈ સ્ત્રી પરણીત પુરુષના પ્રેમમાં પડે ત્યારે તે બંને સ્ત્રી વચ્ચેનો સંબંધ! આ અત્યંત એક જટિલ બાબત છે. પુરુષનો સ્વભાવ હંમેશા અધિકાર ભાવનો જ રહ્યો છે માટે પુરુષ કયારેય તેને પ્રેમ કરતી સ્ત્રીનો અન્ય સાથેનો સંબંધ સહન કરી શકતો નથી. પણ જે સ્ત્રી બધું જ સત્ય જાણતી હોવા છતાં એક પરણેલા પુરુષને ચાહે તે મને-કમને પોતાના પુરુષને અન્ય સ્ત્રી સાથે જોવા માટે મજબૂર હોય છે. પણ તેમ છતાં તેના પ્રેમની તીવ્રતામાં ઘટાડો થતો નથી. પુરુષ જ પોતાને મનગમતી સ્ત્રી માટે પઝેસીવ હોય અને સ્ત્રી નહિ તેમ નથી પણ સ્ત્રીમાં સહનશક્તિ અને ધીરજ છે. જયારે પુરુષ માટે કોઈએ ખરું જ કહ્યું છે કે,

બધું કરી શકતો હોય
એ, પણ....
જતું કરી શકતો નથી."

સામાજિક રીતે આ સંબંધનો સ્વીકાર કયારેય થઈ શકવાનો નથી એ જાણવા છતાં આપણે ત્યાં છાનાછપના ખૂણે આ પ્રકારના સંબંધો જોવા મળે છે. આ સારી-ખોટી કે સાચી-જુઠ્ઠી બાબત છે એ વાતની ચર્ચા અહીંના કરીએ પણ એક સ્ત્રી તરીકે અન્ય સ્ત્રીને આપણાથી અન્યાય શી રીતે થાય? કારણ ભલે ગમે તે હોય પણ એક સ્ત્રી તરીકે અન્ય સ્ત્રીને થનારા અન્યાય વિષે વિચાર્યા વિના શી રીતે આગળ વધી શકાય? આ પ્રકારના પ્રણય ત્રિકોણમાં પુરુષની પરિસ્થિતિ સૌથી વધુ દયનીય હોય છે. શરુઆતમાં તે પ્રેમમાં કે મોહમાં અંધ બનીને આવનારી પરિસ્થિતિ વિષે વિચારવાનું ટાળે છે. પણ જયારે વાત ગંભીર બને અને તેને લાગે કે સામાજિક રીતે તે પત્નીને પણ નકારી શકે તેમ નથી અને પ્રેયસીને પણ પોતાનાથી અલગ કરવું તેને માટે અશક્ય છે ત્યારે તે ભારે મૂંઝવણ, દ્વિધા અને વિષાદમાં સરી પડે છે. હમણાં થોડા દિવસ પૂર્વે આ વિષય પર RJ રિયા દ્વારા એક સુંદર વાર્તાનું પઠન થયું જેનું શિર્ષક હતું 'A Letter to lover's wife'.

જયારે સ્ત્રી પોતાની નૈતિક ફરજ સમજીને કોઈ અન્યના લગ્નજીવનમાંથી સ્વેચ્છાએ જ ખસી જાય છે ત્યારે આ પ્રકારની સમસ્યાનો અંત આવી જાય છે. પ્રેમ એ દેખાડાની નહિ અનુભૂતિનો અહેસાસ છે. બોલવામાં કે લખવામાં સહેલી જણાતી આ વાત હકીકતમાં કદાચ ખૂબ અઘરી હોય તેમ છતાં સ્ત્રીએ પોતાની આંતરસૂઝના દર્શન અહીં કરાવવા જ રહ્યા. અલબત્ત, છૂટાછેડા લઈને કાયદેસર પત્નીથી દૂર થઈને અન્ય સ્ત્રી સાથે સંબંધ બાંધવામાં કાંઈ તકલીફ નથી. પણ સામાજિક ડરથી કે દંભથી પ્રેરાઈને બંને સ્ત્રી સાથે સંબંધ રાખનાર પુરુષ પોતે પણ તકલીફમાં મૂકાય છે અને તેની સાથે સંકળાયેલી બંને સ્ત્રીઓના પરિવારને પણ સામાજિક દૃષ્ટિએ નીચાજોણું થાય તેવી પરિસ્થિતિ સર્જાય છે. લગ્નજીવનમાં ઉતાર-ચડાવ આવે કે મતભેદ સર્જાય અથવા અંતર વધતું જાય તેમ છતાં સંબંધમાં વિશ્વાસ જાળવી રાખવામાં આવે તો બંને પક્ષે ધાર્યા પરિણામો અચૂક મેળવી શકાય.

જયારે બે સ્ત્રી એક જ પુરુષને ચાહે ત્યારે શરુઆતમાં તેની સાથે સંકળાયેલી બંને સ્ત્રીઓ એકબીજાની દુશ્મન બની જાય પણ શાંત ચિત્તે વિચારવામાં આવે તો તે બંને એક સમાન પરિસ્થિતિનો શિકાર થયેલ છે. અને માટે બંને જો એકબીજા પ્રત્યે પ્રેમ અને અનુકંપા દર્શાવે તો સંબંધ અને જિંદગી બંનેમાં આવતા વંટોળને શમાવી શકાય. પ્રેમ એ માત્ર પામવાનું જ નહિ પરંતુ ત્યાગનું પણ પ્રતિક છે પ્રેમ માટે, પ્રેમના માર્ગમાં આવતા અંતરાયો માટે અને જેને પ્રેમ કરતા હોઈએ તેની જિંદગીમાં તોફાન આણવાને બદલે પ્રેમથી ખસીને મારગ દઈ દેવામાં જ સાર છે. સ્ત્રીઓનું રહેલું ધૈર્ય અને સહનશીલતાને જોતાં સ્ત્રીને ધરતીની ઉપમા અપાય છે ત્યારે એક સ્ત્રી થઈને જો આપણે અન્ય સ્ત્રીના જીવનમાં અવરોધ ઉભો કરીએ તો આપણો સ્ત્રી તરીકેનો જન્મ લાજે! એકવાર પ્રેમમાં પડ્યા બાદ કોઈને પણ ભૂલવું અશક્ય હોય છે તે જાણવા છતાં પ્રેમના માટે જ હસતા હસતા માર્ગ આપે તે જ સાચી સ્ત્રી! તો આવો, ૮મી માર્ચે 'વુમન ડેના આ પવિત્ર દિવસે એક સ્ત્રી અન્ય સ્ત્રીના જીવનમાં કોઈ પણ જાતનો અવરોધ ઊભો ન કરે તેવી પ્રતિજ્ઞા કરીએ.

Last Seen :

દુઃખમાં સહી લેવાની પણ મજા અનેરી હોય છે,
હારેલી જિંદગી જીવવાની પણ મજા અનેરી હોય છે.
દુનિયા જીતનારા ઘણાં સિકંદરો ભૂલાઈ ગયાં,
એક-બેના દિલ જીતી ચાલી જવાની પણ
મજા અનેરી હોય છે !..

- nehalgadhavi101@gmail.com

શ્રમનું ગૌરવ: ૩૬ વર્ષથી કાગળ વીણતાં શ્રમજીવી કુંવરબહેનનું હૃદય આનંદથી તરબતર છે

આઝાદીનો અમૃત મહોત્સવ ચાલી રહ્યો છે. ભારત દેશ તટસ્થ રીતે આત્મમંથન કરે તો એક વાત સમજાય એવી છે કે, યંત્રો, મશીનો, ઉપકરણો અને સાધન સગવડોની ટેવને કારણે આપણે શરીર શ્રમ ભૂલી રહ્યા છીએ. શ્રમ તો જાણે કે શરમ હોય તેવી સ્થિતિનું નિર્માણ આપણે કર્યું છે. વિનોબા ભાવે એવું કહેતા કે, ભગવાને બે પગ અને બે હાથની વચ્ચે એટલા માટે પેટ આપ્યું છે કે, ભગવાન એવું કહેવા માગે છે કે, હાથ-પગ ચલાવીને પેટ ભરો. હવે આપણે શરીરને કષ્ટ આપવાનું જ ભૂલી ગયા છીએ. વાહનોને કારણે ચાલવાનું ભૂલી ગયા છીએ અને કોમ્પ્યુટર તથા અન્ય ઉપકરણોને કારણે હાથ ચલાવવાનું ભૂલી ગયા છીએ.

આવી સ્થિતિમાં હજી પણ દેશમાં અનેક એવા લોકો છે જે શરીર શ્રમ કરીને પોતાનું પેટ ભરે છે. રોજ સવાર પડે અને આ લોકો પેટનો ખાડો પૂરવા માટે સતત અને સખત શ્રમ કરે છે. એમના જીવનમાં શ્રમ વણાઈ ગયો છે. આ બધા એવા લોકો છે કે, તેમને શ્રમ કરવાનો સહેજ પણ સંકોચ નથી. ઉપરથી આનંદ છે.

આજે આપણે આવાં એક સ્વમાની મહિલા શ્રમિકની વાત કરીએ.

અમદાવાદના જૂના વાડજ વિસ્તારમાં રામાપીરનો ટેકરો કરીને એક વસાહત છે.

આ વસાહતમાં ૨૦-૨૫ હજાર શ્રમિકો રહે છે. એમાં એક છે કુંવરબહેન પરમાર. ૬૦-૬૫ વર્ષની ઉંમર છે. તેમના જીવનમાં ડોકિયું કરવા જેવું છે. તેઓ ૩૦થી ૩૫ વર્ષથી કાગળ વીણવાનું કામ કરે છે. મેણિયાંનો થેલો લઈને નીકળી પડે. રસ્તાઓ પર પડેલા કાગળ વગેરે વીણીની થેલો ભરે. કાગળ વીણતી બહેનો માત્ર કાગળ નથી વીણતી હોતી. તેઓ કાગળ, મેણિયાં, કાળાં મેણિયાં, ભંગાર, લોખંડ, પ્લાસ્ટિક, પાણીનાં પાઉચ કે બોટલ, દૂધની થેલીઓ, કાર્ટૂન એટલે કે ખોખાં... આવું બધું વીણે. એક જ થેલામાં બધું ભેગું કરે પછી તેને જુદું કરીને વેચે.

કુંવરબહેન છેલ્લાં ૩૫ વર્ષથી આ રીતે કાગળ વીણે છે. એક પણ દિવસ પાડતાં નથી. હા, માંદાં હોય કે ગામડે ગયાં હોય તો જ રજા રાખે. અઠવાડિયામાં એક રજા તો રાખતાં હોય તો ?" એવું પૂછીએ તો કહે કે, "ઘરમાં પૈસા ખૂટે તો કોઈની જોડે હાથ લાંબો કરવો પડે એ મને ગમતું નથી. એના કરતાં જાત મહેનત કરીને પૈસા કમાઈ લેવા સારા." કુંવરબહેનના પતિ રઘુભાઈ કડિયા-કારીગર હતા. તેમનું થોડાં વર્ષ પહેલાં નિધન થયું છે.

તેમને ચાર દીકરીઓ. રઘુભાઈ હયાત હતા ત્યાં સુધી ત્રણ દીકરીઓને પરણાવી, પણ ચોથી દીકરી સુનિતાબહેન પરણાવવાનાં રહી ગયાં. કુંવરબહેને પોતાના દાગીના વેચીને સૌથી નાની દીકરીનું લગ્ન કર્યું. હા, તેમની મૂળ ઈચ્છા હોવા છતાં નાની દીકરીને, રિવાજ મુજબ, દાગીના ના આપી શક્યાં. આજે પણ તેમને તેનો અફસોસ છે, જો કે દીકરો બનીને પોતાનાં માતાને સાચવતાં સૌથી નાનાં દીકરી સુનિતાબહેન કહે છે, મારે કોઈ દાગીનાની જરૂર નથી. વળી, મને સાસરું ખૂબ સારું મળ્યું છે. સુનિતાબહેનના જીવનસાથી ખૂબ જ સારા સ્વભાવના છે. તેમનું સાસરું ખાનદાન છે. તેમણે ક્યારેક દાગીનાની માગણી કરી નથી. ઉપરથી દીકરી-જમાઈ કુંવરબહેનને ખૂબ જ સાચવે છે. આ છે નાના લોકોની મોટાઈ ! નાના લોકોની સમજણ !

અમદાવાદમાં આયશા ખાન નામની યુવતિએ દહેજને કારણે સાબરમતી નદીમાં મોતની છલાંગ લગાવી. મરતાં પહેલાં તેમણે વીડિયો બનાવ્યો. એ વીડિયો વાયરલ થયો. તેનાં સાસરિયાં દહેજ ભૂખ્યાં હતાં. એની સાથે એવા લોકો પણ છે જેમને દહેજની સહેજ પણ લાલચ નથી. સુનિતાબહેનનાં સાસરિયાંને વંદન કરવાનું મન થાય. જો કે ચારેય દીકરીઓ માતા કુંવરબહેનને ખૂબ સાચવે છે.

કુંવરબહેન દરરોજ આઠ-દસ કલાક મહેનત કરે ત્યારે તેમને ૫૦થી ૬૦ રૂપિયા મળે છે. તેમનું જીવન સાદું છે. કાગળ વીણવા જાય ત્યારે કોઈ કનડગત નથી થતી. હા, એક વખત હાથ ઉપર કૂતરું કરડી ગયું હતું. એક વાર તેમને સોનાની નાની બુટ્ટી - કાગળ વીણતાં મળી હતી - મૂળ માલિક શોધવાનો પ્રયાસ કર્યો પણ ના મળ્યો એટલે રાખી લીધી.

કુંવરબહેનને કોઈ સંસ્થા કે સરકારે મદદ કરી નથી. એવી કોઈ અપેક્ષા નહોતી કે લાલચ પણ નહીં. 'અપના હાથ જગન્નાથલ્ર અને 'આપણે જ આપણા ઘડવૈયાલ્ર એવું તેઓ માને છે અને જીવે છે. કુંવરબહેને ઉંમર થતાં બે આંખે મોતીયો ઉતરાવ્યો છે. જીવનમાં કુળદેવી ચામુંડા માતાના સ્થાનકની યાત્રા કરી છે, તેના સિવાય બીજી કોઈ યાત્રા કરી નથી. પતિ હયાત હતા ત્યારે ગુજરાતી ફિલ્મો જોયેલી. હોટલમાં કદી જમવા ગયાં નથી, પણ જમાઈ આગ્રહ કરીને હોટલમાં જમવા લઈ ગયેલા.

કુંવરબહેન કહે છે, મારા પર કોઈ દેવું નથી. મહેનત કરીને ચારેય દીકરીઓને પરણાવી. પોતાનું જીવન પણ મહેનત કરીને જીવ્યાં તેનો તેમને આનંદ છે. શરીર શ્રમ કરીએ તો તન અને મન બન્ને સારાં રહે તેવું કહેતાં કુંવરબહેનને વંદન કરવાનું મન થાય. આવાં શ્રમિકો જ સાચું ભારત છે !

કવિવર ઉમાશંકર જોશીએ કહ્યું છે કે મોટાઓની અલ્પતા જોઈ થાક્યો, નાનાઓની મોટાઈ જોઈને જીવું છું. નાના લોકોની મોટાઈના કિસ્સા બહાર આવતા નથી, બાકી નાના કહેવાતા લોકો જ ખરેખર ઘણા મોટા હોય છે. નાના લોકોનું હૃદય ઘણું મોટું હોય છે. ગાંધીજીનું (વિવાદાસ્પદ લાગે તેવું) એક વિધાન છેઃ ઈશ્વર તો ગરીબની ઝૂંપડપટ્ટીમાં જ રહે છે. જો કે આ વિધાનમાં વજૂદ તો લાગે જ છે ! પ્રેમ, માનવતા, બીજાને મદદ કરવાની ભાવના જેવા સદ્‌ગુણો નાના માણસોમાં, ગરીબોમાં વધારે જોવા મળે છે એ સ્વીકારવું જ પડે !

શ્રીમતી કુંવરબહેનનો સંપર્ક નંબર ૯૭૧૨૨ ૧૨૦૬૯ છે.

ગોધૂલિઃ

જે શરીર શ્રમ નથી કરતાં તેને જમવાનો અધિકાર નથી.